## અમદાવાદ (ગ્રામ્ય)ના મે. બીજા એડી. જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,
મુ. મીરઝાપુર, અમદાવાદ.

---

**ફોજદારી કેસ નં. ૬૨૨/૨૦૨૧**

**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી :** મુકેશભાઈ તારાચંદભાઈ ઠકકર

**ગુન્હો:** **ભારતીય દંડ સહિતા,** ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો.કલમ ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ કલાક ૧૧:૪૦ વાગ્યે આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામા આવી. આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે આંક –૧ લગત ગુનો કબુલ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને **ભારતીય દંડ સંહિતા,** ૧૮૬૦ ની ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની

ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લીતા, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

આરોપી મુકેશભાઈ તારાચંદભાઈ ઠકકર, રહે. એ/૨/૩૦૧, કલાદર્શન એપાર્ટમેન્ટ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ સેટેલાઈટ અમદાવાદ વાળાને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે **ભારતીય દંડ સંહિતા,** ૧૮૬૦ની કલમ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૫૦૦/– (રૂપિયા પંદર સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૧ માહે: ડીસેમ્બર, સને ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૧/૧૨/૨૦૨૧
અમદાવાદ (ગ્રામ્ય)

(ટી.એ ભાડજા )
બીજા એડી.જયુ.મેજી. ફ.ક.જજ,
અમદાવાદ ગ્રામ્ય,મિરઝાપુર.
યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૯૯